જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૭/૨૦૨૩ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## પ્રસંશનીય કામગીરી

## LCB ઝોન-2 સ્કોડ

## શાહીબાગ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીના ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી આરોપીઓ તથા મુદ્દામાલ કબ્જે કરી કાયદેસર કાર્યવાહી કરતો LCB ઝોન-2 સ્કોડ

મહેરબાન, ઇન્ચાર્જ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૧ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી જયદીપસિંહ જાડેજા સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સમગ્ર ઝોન-૨ વિસ્તારમાં મિલકત સંબંધી ગુના બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારુ ડીસીપી ઝોન-૨ સાહેબના સીધા સુપરવિઝન હેઠળ અલગ અલગ ટીમો બનાવી સ્કોડના પો.સબ.ઇન્સ આઇ.ડી.પટેલ તેમજ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો.મુકેશકુમાર રામસંગભાઇ બ.ન.૮૩૫૬ તથા પો.કો. પ્રિયવદન મનુભાઇ બ.ન.૬૪૮૪ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) દિપક લક્ષ્મણભાઇ ઠાકોર ઉ.વ.૨૪ રહે.ચાંમુડાની ચાલી,મામા કલ્યાણ પાસે,નિકોલ રોડ,નરોડા,અમદાવાદ શહેર તથા નં.(૨) વિશાલ ઉર્ફે હોલી રણછોડભાઇ ઠાકોર ઉ.વ.૨૧ રહે.હરીઓમ લાલચાલી,દહેગામ રોડ બસ સ્ટેન્ડ પાસે, નરોડા,અમદાવાદ શહેર નાઓને અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ઘોરફોડ કરી ચોરી કરેલ કબુતર નંગ-૬૦ કિ.રૂ.૦૦/૦૦ તથા અંગઝડતીમાંથી મળેલ મોબાઇલ ફોન નંગ.૦૨ કિ.રૂ.૧૯,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧૯,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે પકડી મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી આરોપીઓ વિરૂધ્ધમાં સી.આર.પી.સી. કલમ-૪૧(૧)(ડી) મુજબ કાર્યવાહી કરી આગળની કાર્યવાહી સારૂ આરોપીઓ,મુદ્દામાલ તથા કાગળો શાહીબાગ પો.સ્ટે. સોંપી પ્રસંશનીય કામગીરી કરતો એલ.સી.બી ઝોન-૦૨ સ્કોડ.

## ડીટેક્ટ કરેલ ગુનો/મુદ્દામાલની વિગત

(૧) શાહીબાગ પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૩૦૭૬૬/૨૦૨૩ ઇપીકો કલમ.૩૮૦, ૪૫૪, ૪૫૭ મુજબ

**મુદ્દામાલ : -**

(૧) કબુતર નંગ-૬૦ કિ.રૂ.૦૦/૦૦

(૨) અંગ ઝડતીમાંથી મળેલ મોબાઇલ ફોન નંગ-૦૨ જેની કિંમત રૂ.૧૯,૦૦૦/- કુલ્લે કિ.રૂ.૧૯,૦૦૦/-

## આરોપીઓનો ગુનાહિત ઇતિહાસ :-

**આરોપી :-** દિપક લક્ષ્મણભાઇ ઠાકોર ઉ.વ.૨૪ વિરૂધ્ધમાં દાખલ થયેલ ગુનાની વિગત.

(૧) નરોડા પો.સ્ટે. પાર્ટ “એ” ગુ.ર.નં.૦૦૪૪/૨૦૧૯ ઇપીકો કલમ.૩૯૨, ૧૧૪ મુજબ.

(૨) ઓઢવ પો.સ્ટે. પાર્ટ “એ” ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૨૧૦૨૯/૨૦૨૨ ઇપીકો કલમ.૩૮૫, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ.૧૩૫(૧) મુજબ.

(૩)ઓઢવ પો.સ્ટે.પાર્ટ “એ” ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૨૧૦૪૦/૨૦૨૨ ઇપીકો કલમ.૩૭૯,૧૧૪ મુજબ.

(૪) રામોલ પો.સ્ટે. પાર્ટ “એ” ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૭૨૨૧૨૬૧/૨૦૨૨ ઇપીકો કલમ.૩૭૯ મુજબ.

(૫) ઓઢવ પો.સ્ટે. પાર્ટ “એ” ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૭૨૨૧૦૪૩/૨૦૨૨ ઇપીકો કલમ.૩૮૬, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ.૧૩૫(૧) મુજબ.

(૬) ખોખરા પો.સ્ટે. પાર્ટ “એ” ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૭૨૨૦૭૭૨/૨૦૨૨ ઇપીકો કલમ.૩૭૯ મુજબ.

આરોપીને સને ૨૦૨૩ માં પાસા અટકાયત કરી રાજકોટ સબ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૧/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૫૨ લીટર દેશી દારૂ, ૮૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ કાર, ૧ લકઝરી બસ, ૩ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૨/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૩/૨૦૨૩**

**નરોડાઃ** હર્ષ વિષ્ણુભાઇ રબારી (ઉ.વ.૨૧) (રહે.મેલડીનગર સંજયનગરની બાજુમાં નાના ચિલોડા નરોડા) તા.૨૧/૦૭/૨૦૨૩ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે નરોડા નાના ચિલોડા પંડિતજી હોટલની સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક બલેનો કાર નંબર જીજે ૨૭ ડીબી ૪૧૦૪ ના ચાલકે કારનો દરવાજો અચાનક ખોલતા હર્ષ રબારીએ કારનો દરવાજો આજુબાજુ જોઈને ખોલવાનુ કહેતા કારના ચાલક તેમજ કારમાં બેઠેલ બીજા ત્રણ પુરૂષો કારમાંથી ઉતરી હર્ષ રબારી સાથે બોલાચાલી ઝગડો કરી ગડદાપાટુનો માર મારી હર્ષ રબારીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- તેમજ પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૦,૦૦૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ હર્ષ રબારીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૪/૨૦૨૩**

**નરોડાઃ** રાકેશકુમાર કનૈયાલાલ પંચાલ (રહે. સનરાઈઝ ડુપ્લેક્ષ દહેગામ રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૭/૨૦૨૩ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે રાકેશકુમાર પંચાલ રહેતા હોય તે જ સોસાયટીમાં બીજા મકાનમાં રહેતા તેમના માતાના ઘરના દરવાજાનું તાળુ તોડી અજાણ્યા ત્રણ પુરૂષ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, ચાંદીના સિક્કા અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**ખોખરાઃ** સોહીલ ભરતભાઇ ઓઝા (રહે.તેજશ્રી એપાર્ટમેન્ટ લક્ષ્મીનારાયણ સોસાયટી વિભાગ-ર રામકૃષ્ણ પરમહંસ સ્કુલ સામે ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૨૦23 રાતના ૮/૧૫ થી તા.૨૦/૦૭/૨૦23 કલાક ૭/30 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ખોખરા કે.કા.શાસ્ત્રી કોલેજ સામે જયંતી વકીલની ચાલીના નાકા પાસે જય ઓટોમોબાઇલ્સ નામની દુકાનનુ લોક તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી બેટરી નંગ-૧૬ અને રોકડ રૂપિયા ૨૫૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૯૭૪/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૨૦૫/૨૦૨૩

**નિકોલઃ** ગીતાબહેન જસવંતભાઈ પંચાલ (ઉ.વ.૫૬) (રહે. રહે. અભિલાષા રેસીડેન્સી ન્યુ.ઈન્ડીયા કોલોની પાસે નિકોલ) તા.૨૧/૦૭/૨૦23 બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે દેવસ્ય સ્કુલ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગીતાબહેન પંચાલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગીતાબહેન પંચાલે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૨૦૬/૨૦૨૩

**શહેરકોટડાઃ** જયોતિ ડો/ઓ પ્રભુલાલ મહાવર (ઉ.વ.૨૩) (રહે. ઇન્ડિયા બુલ્સ સોસાયટી હરિભાઇ ગોદાણી સર્કલ પાસે સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦23 બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિપક દતારામ ચલાવે છે.

**સરદારનગરઃ** મનુભાઇ દેવશીભાઇ ડોરીયા (ઉ.વ.૬૨) (રહે. અંબિકાનગર ખોડીયારનગર નોબલનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦23 કલાક ૧૨/30 થી ૧૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૭/૨૦23 કલાક 3/30 વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રકાશભાઇ ચંપકલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી